# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ઇચ્છે તો છે "સારા સંબંધ" રાખવા કોણ નથી દેતું?
રંધાય તો છે કૈં સુગંધી ચાખવા કોણ નથી દેતું?
પોંખવા કોણ નથી દેતું સરહદના માંડવાને?!
સળગતા સીમાડે પાણી નાખવા કોણ નથી દેતું?
(પાકિસ્તાન પર લશ્કરનું પ્રભુત્વ)

## હાઈકુ

વડાપ્રધાન -
રાજા અશરફ ને
અભિનંદન!
(મા. મનમોહન સિંહ)

લશ્કરી રાજે
લોકશાહી નામની,
હોદ્દાના પ્યાદાં

## ચિંતન

**સઃ જીવતિ ગુણાઃ યસ્ય ધર્મો યસ્ય સઃ જીવતિ ।**
**ગુણધર્મ વિહીનો યો નિષ્ફલં તસ્ય જીવિતમ્ ॥**

જે વ્યક્તિ સદ્ગુણોથી ભરપૂર એવું જીવન જીવતી હોય અને આચરણમાં જે પગલે પગલે ધર્મનું આચરણ કરે છે. એ જ સાચું જીવન જીવે છે એમ કહી શકાય. બાકી એક પણ સદ્ગુણ ન હોય, જીવનમાં અધર્મનું આચરણ હોય તેનું જીવન - જીવતર તદ્દન નિષ્ફળ જ.

જીવનમાં નિશ્ચિત ધ્યેય અને લક્ષ્ય હાંસલ કરવાનાં હોય, અને માટે સખત પરિશ્રમ અને પુરૂષાર્થ પણ કરવાં આવશ્યક છે. જીવનમાં કંઇ જ મેળવ્યા વિના માત્ર રોટી-કપડાં-મકાનની ભૌતિક સવલત પ્રાપ્ત કરવાની ચિંતા કે એ પ્રાપ્તિ માટેનો પ્રયત્ન એ કંઇ 'જીવતર' નથી. પશુ-પંખીઓ પણ પોતાનું રોજનું ભોજન કે આશ્રમ તો વિના પ્રયત્ન મેળવી જ લે છે.

નિશ્ચિત હેતુ-ધ્યેય અને જીવનને એક ઉચ્ચ સ્તરીય, આધ્યાત્મિક સુખ કે આનંદ માટે આપણી ક્રિયાઓ-કતર્વ્યો અને વાચા નિશ્ચિત સદ્ગુણા સાથે ક્રિયાશીલ હોવાં જોઇએ કે, જીવનનાં આદર્શ નક્કી હોય તો એ પ્રમાણએ જ આચરણમાં સદ્ગુણ અને મૂલ્યો નક્કી કરી જીવવું જોઇએ.

મૂલ્યો-સદ્ગુણ-ધર્મ વિનાનું જીવન, જીવન નથી.

## સુવિચાર

- નિંદાથી ડરશો નહીં, પ્રશંસાથી રિઝશો નહીં, ધર્મ જીવનમાં નિંદા-સ્તુતિ બંને પ્રત્યે ઉદાસીન જ રહેવું, એ વિના આંતરિક સ્થિરતા આવતી નથી - **મા આનંદમયી**
- પુણ્ય અને સત્કર્મનું ફળ એ સુખ, બધાને જોઇએ છે, પણ સત્કર્મ કરવાની વૃત્તિ બહુ ઓછામાં છે - **રંગ અવધૂત**
- બીજાની અદેખાઇ કરવી એ અજ્ઞાનનું પ્રદર્શન છે, અને આંધળું અનુકરણ કરવું તે આપઘાત કરવા બરાબર છે - **ડેલ કાર્નેગી**
- 'નાક કરતાં નથણી ભારે' એવી પરિસ્થિતિ ઊભી ન થાય એ જ આપણા કાર્યની સફળતા છે- **ડો. હેડગેવાર**
- જયાં જાસૂસોની જાળ પથરાઇ હોય અને પ્રાણી માત્ર તરફ ધિક્કારની ભાવના રહેતી હોય ત્યાં પ્રજામાં સદ્ગુણોની અપેક્ષા કયાંથી રખાય? - **પં. નહેરૂ**
- સ્વધર્મ મા જેવો છે, માતા ગમે તેવી હોય, મા તે મા જ છે - **વિનોબા ભાવે**
- જીવનનું સમગ્ર દર્શન એટલે જ જીવન જીવવાની કળા - **જે. કૃષ્ણમૂર્તિ**

## બોધકથા

કોઇ પણ પક્ષ હોય, સત્તા મળી નથી અને પ્રજા અને વચનો ભૂલી એશઆરામ અને ખાયકીમાં ડૂબી જ જાય છે, એમને એ ખબર નથી, 'યે દિન ભી ચલા જાગેયા.'

એક રાજા પર દુશ્મન રાજાએ ચઢાઇ કરી અને બહુ ખરાબ રીતે હાર્યો, સૈન્ય વેરવિખેર થઇ ગયું. તે જંગલ તરફ ભાગ્યો, દોડતો-દોડતો જતો હતો, થાકીને પડી ગયો, ગળામાં એક માદળીયું તેના ગુરુએ આપેલું તે બાંધ્યું હતું એ તૂટી ગયું. ઝાડની છાયામાં બેસી એ માદળીયાંમાંથી નિકળેલી ચીઠ્ઠી વાંચી. 'યે દિન ભી ચલા જાયેગા' અને નીચે ગુરૂજીની સહી હતી.

જાણે ગુરુના આશીર્વાદ મળ્યા હોય એવી શાતા રાજાને ચીઠ્ઠી વાંચ્યા પછી મળી, ચાનક ચઢી, જૂના મિત્રોને મળ્યો. વેરવિખેર સૈન્યને એકત્ર કરી, હિંમત આપી અને ફરી દુશ્મન રાજા પર ચઢાઇ કરી પોતાનું રાજય પાછું મેળવી લીધું. રાજય મળ્યા પછી હવે સુખ-ભોગવી લેવાની વૃત્તિ પ્રબળ બની.

એશ-આરામ સાથે પ્રજાને-રાજયને ભૂલી કૌભાંડ-કટકી કરવા લાગ્યો. તેનો એક પ્રધાન વડીલ જેવો, ડાહ્યો-સમજુ હતો, રાજા આડમાર્ગે જઇ રહ્યો છે એ સમજી ગયો, એક દિવસ રાજા એકાંતમાં હતા ત્યારે રૂબરૂ મળ્યો અને કહ્યું, 'અન્નદાતા! તમારા માદળીયામાંથી એક મંત્ર નીકળ્યો હતો એ આપને યાદ છે?'

રાજા તરત બોલ્યાઃ 'યે દિન ભી ચલા જાયેગા.'

પ્રધાન સ્મિત સાથે ચાલ્યો ગયો. રાજાને હવે સમજ પડી અને રાજય-શાસન, પ્રજા અને વહીવટ તરફ ધ્યાન આપવા લાગ્યો.

# ભારત દેશના એક સમૃધ્ધ અને શાંત રાજયમાં આપણએ રહીએ છીએ તે માટે સદાય ઇશ્વરના આભારી રહીશું... દેશના ખૂણામાં કયા કયા પ્રકારના અંધાધૂધ કાળા વેપાર ચાલી રહ્યા છે, તે દર્શાવવા કોઇકે તો હાથ કાળા કરવા જ પડશે ને!

## વિચાર યાત્રા

- જય ઓઝા

ઇક બગલ મેં ચાદ હોગા, ઇક બગલ મેં રોટીયા
હમ ચાંદ પે, હમ ચાંદ પે, રોટી કી ચાદર ડાલ કર
સો જાયેંગે ઔર નીંદ સે કહ દેંગે
લોરી કલ સુનાને આયેંગે... ઇક બગલ મેં...
ઇક બગલ મેં ખનખનાતી સીપીયા હો જાયેંગી
ઇક બગલ મેં કુછ રૂલાતી સીસકીયા હો જાયેંગી
હમ સીંપીયોં મે ભર કે સારે તારે છૂ કે આયેંગે
ઔર સીસકીયો કો ગુદગુદી કર કર કે યુ બહલાયેંગે
હમ અંધેરી સીસકીયોં પે કોઇ રોને આયેગા
હમ નગર જો આયેગા વો ફીર કભી ના જાયેગા
યાદ રખ પર કોઇ અનહોની નહીં તુ લાયેગી
લાયેગી તો ફિર કહાની ઔર કુછ હો જાયેગી
હોની ઔર અનહોની કી પરવાહ કીસે હૈ મેરી જાન
હદ સે ઝ્યાદા યહી હોગા કી યહી મર જાયેંગે

- 'ગેંગ ઓફ વાસેપુર' ફિલ્મમાં પિયુષ મિશ્રાએ ગાયેલું આ ગીત છે...

ગયા શુક્રવારે રિલીઝ થયેલી આ ફિલ્મમાં ધનબાદ નજીકના વાસેપુર ગામના કોલસા માફિયાની વાત કરવામાં આવી છે.

રાત્રે સાડા દસ વાગે શાંત ગામમાં એક કિરાણાની દુકાનમાં, દસ-બાર લોકો 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી' જોતા હોય છે, અને અચાનક જ તુલસી વિરાણી સ્ક્રીન પર હોય ત્યારે જ ટી.વી. પર ગોળી વાગે છે...

અનુરાગ કશ્યપ (ડાયરેકટર) જેવા ક્રિએટીવ વ્યક્તિ જ વિચારી શકે એવું પરફેક્ટ ફિલ્મનું સ્ટાર્ટીંગ છે... મોટા શહેરો (મેટ્રો શહેરો) અને કહેવાતી સભ્યતાવાળા કલ્ચર્ડ પીપલ્સ વાળા, પોશ એરિયામાં નિરાંતે ઊંઘી રહેતા 'અપર મિડલ કલાસ' લોકો પર ફિલ્મના પહેલા જ દૃશ્યથી એસિડ બોટલ ફેંકવા જેવા ટોન્ટ શરૂ થાય છે...

ફિલ્મ ૧૯૪૫ થી શરૂ કરીને ૧૮૯૫ સુધીનો સમય આવરી લે છે... આઝાદી પહેલા કોસલાની ટ્રેન લૂંટવાની પરંપરા ચાલતી હતી, તે સ્વતંત્રતા પછી પણ ચાલતી જ રહી... ખાણ માફિયાઓને સ્વતંત્રતા અને આઝાદી સાથે કોઇ જ મતલબ હોતો નથી...

'ગેંગ ઓફ વાસેપુર' માં કોઇ ખાન સ્ટાર નથી. ફિલ્મનો રિયલ સ્ટાર છે - સ્ક્રીન પ્લે... ઝેશાન કાદરીને આનો શ્રેય જાય છે... કે જેમણે ભારતના એક એવા કાળા ખૂણાને રજૂ કર્યો છે, જે ઢંકાયેલો હતો... ફિલ્મ બે ભાગમાં બની છે... પહેલા ભાગમાં સરદારખાન જેવો રોલ મનોજ બાજપાઇએ કર્યો છે.

તેના પિતા શાહીદ ખાનને ત્યાંના માઇન કોન્ટ્રાકટર કામ વાસેપુર ગેંગને પોષનાર રામાધીર સિંહે મરાવી નાંખ્યા હોય છે. રામાધીર સિંહનો રોલ તિગ્માંશુ ધુલિયાને કર્યો છે, જેમણે હમણાં જ 'પાનસિંઘ તોમર' નામની અદ્ભૂત ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું.

તિગ્માંસુ ધુલિયાએ રામધારી સિંહના રોલમાં ચાર ચાંદ લગાવી દીધા છે. આ ફિલ્મમાં ૩૭૦ પાત્રો છે... ફિલ્મની પટકથા થોડી અટપટી છે... ફિલ્મ પાછળથી થોડી ખેંચાઇ રહી હોય તેમ લાગે છે... પરંતુ આ બે માઇનસ પોઇન્ટ્સ બાજુ પર મુકીએ તો ફિલ્મ દ્વારા બોલીવુડ સ્ટાઇલને એક નવી ઓળખ મળી છે...

આથી જ ખુદ અમિતાભ બચ્ચને કહ્યું છે કે - 'GANGS OF WASSEPUR' - Indian Cinema at its best.

પિયૂષ મિશ્રા - આ ફિલ્મનું બીજું મહત્તવનું પાત્ર છે... જેણે ફિલ્મમાં એક ગ્રાઉન્ડ નેરેશન પૂરું પાડ્યું છે... ફિલ્મની શરૂઆતમાં જ તે કહે છે કે 'વાસેપુર' એક એવું ગામ છે. જેમાં બે પ્રકારના લોકો વસે છે. એક હરામી લોકો અને બીજા બેવકૂફ લોકો... અને બંને પ્રકારના લોકો એકબીજા પર પગ મુકીને ઉપર ઉઠવા મથે રાખે છે.

ખુબ જ ડાર્ક ફિલ્મ હોવા છતાં 'ગેંગ ઓફ વાસેપુર' મજાક, કટાક્ષ, વ્યંગબાણ અને શેક્સપિયરના નાટક ટાઇપ હ્યુમરથી ભરેલી પણ છે... મનોજ વાજપાઇ અને રીમા સેનનાં ફ્લર્ટીંગના સીન હોય અથવા તો... નવાઝુદ્દીન સીદ્દીકી અને હુમા કુરેશીનો પ્રેમાલાપ હોય... ગંભીરતા વચ્ચે આવા સીન્સ તીખા સૂપમાં ક્રીમનું કામ કરે છે...

મનોજ વાજપાઇ (સરદાન ખાન) ના પુત્ર તરીકે નવાઝુદ્દીન સીદ્દીકી (દાનીશ) આગામી ભાગ-૨ માં મહત્ત્વનાં રોલમાં દેખા દેશે... જો કે આ ફિલ્મમાં પણ તેના હાવભાવ દ્વારા તેણે જે અભિનય કર્યો છે, તે કાબિલે તારીફ છે...

ખરેખર ફિલ્મનો વિષય કોલસાની ખાણ પર છે, પરંતુ તેમનો ખરેખર કોઇ હીરો હોય તો તે મનોજ વાજપાઇ જ છે... સત્યાના ભીખુ મ્હાત્રે પછી પોતાની આગવી ઓળખ ઉભી કરનાર મનોજ વાજપાઇ એ લાઇફ ટાઇમ બેસ્ટ પાત્ર નિભાવ્યું છે...

હા! ફિલ્મ અભદ્ર શબ્દોથી ભરપૂર છે, જુગુપ્સા કરાવે, તેવા હિંસાત્મક દૃશ્યોથી ખદબદતી છે, પરંતુ 'વાસેપુર' ગામની જે વાસ્તવિકતા તેના દ્વારા ટપકે છે, તે જોતા એક પણ સીનમાં હિંસાના દૃશ્યો કે અભદ્ર ભાષાપ્રયોગ મારી મચડીને કે પરાણે મુકયો હોય તેમ નથી લાગતું...

જો તમે સૌમ્ય હૃદયના અને ઋજુતા વાળા શાંત વિચારોવાળા વ્યક્તિ હો! અને કપાયેલાં અંગો કે લોહી નીતરતા કસાઇખાના જોવાથી ઊભકાં આવતા હોય તો... બેટર છે કે, તમે ફિલ્મ જોવા ન જાવ.

ફિલ્મના શુટીંગ દરમિયાન વારાસણીમાં ડિસેમ્બર, ૨૦૧૦ માં ફિલ્મના ચીફ આસીસ્ટન્ટ ડાયરેકટર સોહીલ શાહનું એક સ્ટંટ દૃશ્ય ફિલ્માવતી વખતે ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું...

ફિલ્મનું સંગીત સ્નેહા ખાનવલકરે આપ્યું છે... આ માટે તેમણે લગભગ દોઢ વર્ષનો સમય લીધો હતો... યુ.પી. અને બિહારના નાના - નાના ગામો જઇ-જઇને લોકગીતો રેકોર્ડ કરીને તેની ટ્યૂન્સનો ઉપયોગ ફિલ્મમાં કર્યો છે.

ભારતીય સિનેમા તેના ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે, ત્યારે 'ગોડફાધર' - બ્રાઝેલિયન મુવી 'Cidade de Deus' (City of God) જેવા આંતરરાષ્ટ્રીય પિકચરની સમકક્ષ મુકી શકાય તેવું પિકચર છે... 'દબંગ', 'રાઉડી રાઠોડ' જેવી મસાલા ફિલ્મોનો ચાહક વર્ગ અને - કરણ જોહર અને સંજય લીલા ભણશાલીની હેપી-હેપી ફિલીંગ આપતી ફિલ્મોના ચાહક વર્ગ માટે આ ફિલ્મ બકવાસ છે.

ભારત દેશના એક સમૃધ્ધ અને શાંત રાજયમાં આપણએ રહીએ છીએ તે માટે સદાય ઇશ્વરના આભારી રહીશું... દેશના ખૂણામાં કયા કયા પ્રકારના અંધાધૂધ કાળા વેપાર ચાલી રહ્યા છે, તે દર્શાવવા કોઇકે તો હાથ કાળા કરવા જ પડશે ને!

કાદવ ઉલેચવા માટે કાદવમાં ઉતરવું પડે છે... કાદવવાળા થવું પડે છે... આવું કાળું કામ અનુરાગ કશ્યપે હાથમાં લીધું છે... તે માટે એ ખરેખર ધન્યવાદને પાત્ર છે...

ગરીબી તોડ દેતી હે જો રીશ્તે ખાસ હોતે હૈ
ઔર પરાયે અપને હોતે હે જબ પૈસે પાસ હોતે હૈ
હર યાર વફાદાર નહી હોતા
હર પત્થર ચમકદાર નહીં હોતા
ના જાને વન મેં કીતને ફૂલ ખીલે હૈ
હર ફૂલ ખુશ્બુદાર નહીં હોતા...

# સ્વામીજી પોતે વિકસ્યા અને સમગ્ર વિશ્વને પણ એ જ રસ્તે ચાલવાની પ્રેરણા આપવા નિકળી પડેલા..!

## સ્વામી વિવેકાનંદજી વિશેષ

## શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

બાળ નરેન્દ્રની બાળલીલામાં એક સ્વસ્થ વિચારપુરૂષ પેદા થવાની સંભાવના જણાઈ આવે છે. બાળક આ સૃષ્ટીમાં અવતરે છે, પહેલો શ્વાસ લેતાં તેની ભોળી આંખો ફેરવે છે, અપરિચિત જગતને પામવા માથે છે. ક્યારેક તેના ચહેરે હાસ્ય ફુટે છે, ક્યારેક રૂદન પણ..! આ બધાની વચ્ચે એ ઘણું ઘણું શીખે છે. કુતૂહલ - જિજ્ઞાસાથી સઘળું નિહાળે છે અને આત્મસાત કરે છે. પુર્ન જન્મના સંસ્કારો સાથ કદાચ એ બાળક તુલના કરીને જગતની રીતિ વિશેનું જ્ઞાન મેળવે છે. આ બધી જ હરકતોનું તેની પ્રવૃતિમાં પ્રતિબિંબ પડે છે. તેની બાળ સહજ લીલાઓમાં એ બાળકની આવતીકાલ કેવી હશે તે જાણી શકાય. આપણાં દેશમાં સામુદ્રિક શાસ્ત્ર વિકસીત હતું તેના પરથી તે બાળક વિષે શુભાશભની આગાહી કરી શકાતી. ભારતવર્ષના મહાનતમ ઈતિહાસને ફરીથી પુર્નજીવિત કરવા આ નરેન્દ્ર સૃષ્ટિ ઉપર આવ્યો હતો.

બાળપણથી જ શંકા અને સમાધાનમાં તેનું ચિત્ત રોકાયેલું રહેતું. માતાની અતિ પ્રેમવશની ડરામણી સલાહને તે અનુસર્યા નથી. નાની ઉંમરે પણ વહેમ અને ભયને તાબે તેઓ થયા નથી. એક ઉદાહરણ જોઈએ. નરેન્દ્રના મિત્રના આંગણામાં એક ઝાડ હતું. નરેન્દ્ર ઘણીવાર એની ઉપર ચડતાં. ઝાડ ઉપર ઊંધે માથે લટકે અને નીચે ભૂસકા મારે. આવાં જોખમી તોફાનથી કંટાળેલા મિત્રના દાદાએ નરેન્દ્રને કહ્યું : 'આ ઝાડ પર બ્રહ્મ રાક્ષસ રહે છે એ તારી ડોક મચડી નાખશે.' તેમની હાજરીમાં નરેન્દ્ર એ બધુ સાંભળી લીધું, પણ પછીથી ઝાડ પર ચડવાનું ચાલુ રાખ્યું. તેના મિત્રએ ફરીથી તેને અટકાવ્યો અને દાદાજીની વાત યાદ કરાવી. નરેન્દ્ર ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો : 'તું ખરો ડરપોક છે. દાદાજીની વાત સાચી હોત તો અત્યાર સુધી બ્રહ્મ રાક્ષસે ડોક કેમ મચડી નથી?' આ પ્રસંગ સ્વામીજી ઘણીવાર સભાઓમાં કહેતાં. 'પુસ્તકમાં વાંચો છો માટે અમુક વાત સાચી છે એવું માનશો નહિ, બીજો આમ કહે છે એ સાચું છે એવું માનશો નહિ. પોતાના પુરૂષાર્થથી જ સત્ય શોધી કાઢો. એનું નામ સાક્ષાત્કાર. બાળક નરેન્દ્ર બચપણમાં આવી સત્ય શોધક પ્રવૃતિઓ કરતો હતો. તેની ભૂમિકા સહજ હોવા છતાં તે જીવનબળ મેળવતો તેમાં સહેજ પણ શંકા સેવી ન શકાય.

માણસ પ્રત્યેની સમાનતા પણ બચપણથી તેનામાં સ્ફુરિત થઈ રહી હતી. દુનિયામાં જન્મેલા દરેક ઈન્સાન પ્રત્યેની સમદૃષ્ટી તેઓ કેળવી શકયા તેનું પરિણામ બચપણની હરકતોને આભારી હતું. નરેન્દ્રના પિતા વિશ્વનાથને ત્યાં જુદી જુદી જ્ઞાતિઓનાં અસીલો આવતાં રહેતાં. દરેક જ્ઞાતિ માટે તમાકુનો હુક્કો જુદો રહેતો; તેમાં મુસલમાન અસીલ માટે પણ અલગ હુક્કો હતો. બાળક નરેન્દ્રને આ ભેદ સમજાતો નહીં. તે વિચારતા કે 'એક જ્ઞાતિના માણસ બીજી જ્ઞાતિના માણસ સાથે જમવા કેમ ન બેસી શકે? એક બીજાનો હુક્કો શા માટે ન પી શકે? એમ કરીએ તો શું આભ તૂટી પડે?' એક દિવસ વારાફરતી બધા હુક્કામાંથી દમ ખેંચી જોયા અને આભ તૂટી પડ્યું નહીં..!

સમજદારી કેળવવા કઈ સ્કૂલ કામ લાગે? નિર્ભયનો ગુણ આત્મસાત કરવા કેવી સાધના કરવી ? અભ્યાસના વિષયોમાં કુતૂહલ જાગે તે માટે કેવા કલાસ કરવા? આ બધી જ આજના સમયની કડાકૂટ છે. દરેક બાળક આગવું છે, દરેક બાળક મહત્વનું છે. તેને ખિલવા દો બસ. તેની પ્રયોગશીલતામાંથી બહાર આવેલા સત્યનો સ્વીકાર થવા દો. બાળક કદાચ આમ જ ખરેખરૂં ઘડાતું હશે..! સ્વામીજી પોતે વિકસ્યા અને સમગ્ર વિશ્વને પણ એ જ રસ્તે ચાલવાની પ્રેરણા આપવા નિકળી પડેલા..! ભારત સૌંદર્યની ખાણ છે. ચરિત્રોનો સાગર છે, જ્ઞાનનો ભંડાર છે અને સંસ્કારનું આકાશ છે. અહીં જન્મેલા દરેક બાળક ઉપર અને તેનામાં વિશ્વાસ મુકીએ.

બચપણમાં નરેન્દ્રનાથને સૂતી વખતે ભ્રમર વચ્ચ પ્રકાશ દેખાતો. પ્રકાશના રંગો બદલાતા જતા અને છેવટે સફેદ તેજ પૂંજ એના આખા શરીરને ઢાંકી દેતો. આ પ્રકાશદર્શન તેમના જીવનમાં ટક્યું. આવી ઘટના તેમના આધ્યાત્મિક સૌંદર્યને પ્રકટ કરનારી હતી. તેને લીધે જ તેઓ ધ્યાનસ્થ બની શકતા. સને ૧૮૭૭માં જયારે નરેન્દ્ર ત્રીજા ધોરણમાં હતાં. ત્યારે તેમના પિતાજી મધ્ય પ્રાંતમાં (મધ્યપ્રદેશ) રાયપુર ખાતે ગયા. કુટુંબના સભ્યો પણ સાથે હતાં. મુસાફરી લાંબી હતી અમુક સ્થળે બળદગાડીમાં જવાનું હતું. વચ્ચે ગાઢ જંગલો- નિર્જન રસ્તાઓ વચ્ચે પ્રવાસ ખેડવાનો હતો. હવામાન આહ્લાદક હતું. ક્યાંક ચોતરફ ખુલ્લાં મેદાનો નરેન્દ્રને મુક્તજીવન આનંદની અનુભૂતિ કરાવતાં હતાં. ધરતી પર પથરાયેલી અંતરંગ રમણીયતા બાળ નરેન્દ્રની મુસાફરીને અનેરા આહ્લાદથી ભરી રહી હતી. એકમેકને ભેટતી ટેકરીઓ, રંગબેરંગી પંખીઓના ટહુકા, ફુલોથી લચી પડેલાં વૃક્ષો, શીતલ સૌંદર્ય વેરતી નદીઓ, આ બધું જ નરેન્દ્રને મુગ્ધ કરી રહ્યું. બાહ્ય જગતની સંપૂર્ણ વિચાર મુદ્રા તેને ઘેરી રહી. આહ્લાદક અનુભવ વિશે વિચારતાં - વિચારતાં એમાં જ લીન થઈ ગયો. એને બહારનું ભાન રહ્યું. કુદરતના સ્પર્શની જાણે કે શરૂઆત થઈ ગઈ હતી. બાહ્ય જગતની સંપૂર્ણ વિસ્મૃતિ અને અજ્ઞાતનો અનુભવ થવાનો નરેન્દ્રને આ કદાચ પહેલો જ પ્રસંગ હતો. કદાચ નરેન્દ્રની પ્રકૃતિ - પ્રિતી કે કલ્પના શક્તિની પ્રબળતા હતી.

નરેન્દ્ર દત્ત બાલ સહજ ચેષ્ટા પણ એવી કરે છે કે આવનારો સમય ઘડાઈ રહ્યો હોય. તેની માનસિકતા અભયના પાકે પાકી થઈ રહી. કુદરતના સૌંદર્યને તે નજદીકથી જોઈ શકતો. પ્રકૃતિની ચાહત તેનામાં શાંતિનો સ્પર્શ કરાવતી અને પૂર્વજન્મની સંસ્કારીતા તેનામાં આધ્યાત્મિક વૃતિને પોષતી રહી. સ્વામીજી ક્ષણોને ખરા અર્થમાં માણતાં- માણતાં જીવતરની સ્વસ્થતાં કેળવતાં જાય છે. દુનિયાએ તેમના બાળપણમાંથી પણ ઘણું શીખવાનું છે.

**સ્વીટ રેઇન :**

કોઈપણ વ્યક્તિના જીવનમાં સફળતાનું માપ તેની ઈચ્છા શક્તિના વિકાસના પ્રમાણમાં જ હોય છે. ઈચ્છા શક્તિનો વિકાસ નાનપણથી જ આપણા શિક્ષણનું એક અંગ જવો જોઈએ.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૬મી જૂન**

- નોબેલ પ્રાઇઝ



વિજેતા લેખિકા પર્લ બર્કનો જન્મદિન ૨૬-૬-૧૮૯૨. ૪૦ ઉપરાંત નવલકથા, સંખ્યાબંધ પુસ્તકો અને વિપુલ બાલસાહિત્ય કર્યું, 'ગુડઅર્થ નવલકથા માટે પુલિત્ઝર પ્રાઇઝ અપાયું.' ૧૯૩૮ માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું, 'માય સેવરલ વર્લ્ડસ' નામની આત્મકથા લખી. વેલકમ હાઉસ સંસ્થાની સ્થાપના કરી. ૬-૩-૧૯૭૩ માં તેમનું અવસાન થયું.

- ૧૯૭૫ માં વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ કટોકટી જાહેર કરી.
- શિષ્ટ સાહિત્યકાર 'જય ભિખ્ખુ (બાલાભાઇ વીરચંદ દેસાઇ)' ની જન્મજયંતિ.
- 'વંદે માતરમ્' 'રાષ્ટ્રીય ગીતના રચયિતા



બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની જન્મજયંતિ.

# જેવા તબીબ એવા જ તસવીરકાર સ્વ.ડૉ. પ્રતાપભાઈ કટ્રેચા

## મોંઘેરાં મોતી

- નટવર આહલપરા

**ડૉ. પ્રતાપભાઈ કટ્રેચા જાહેરાતથી દૂર રહેતા હતા, પોતાની સાધના અથવા પોતાની પાસે રહેલ અગણિત સ્લાઈડના ખજાનાની વાતો કરતા ફરતા ન હતા, એમની ફોટોગ્રાફી ઉપરનું જ્ઞાન ઘણું ઉચ્ચ કોટીનું હતું, ફલૅશ વગર તથા સ્ટેન્ડનો ઉપયોગ કર્યા વગર એમણે ફોટોગ્રાફી કરી હતી**

માયાળું વ્યક્તિત્વના ધની રાજકોટનાં ડૉ. પ્રતાપભાઇ કટ્રેચાને નજીકથી ઘણીવાર મળવાનું થયું છે. તેમનો પરિચય પણ પ્રેરક છે.

ડૉ. પ્રતાપભાઈના પિતાશ્રી ડૉ. વિઠ્ઠલદાસ કટ્રેચા (દાંતના ડૉકટર) ફોટોગ્રાફીના બહુ શોખીન હતા. ડૉ. વિઠ્ઠલભાઈએ પોતાના પત્ની શ્રીમતી સુખદાબહેન (ડૉ. પ્રતાપભાઈના માતુશ્રી) ને ફોટોગ્રાફીનું વ્યવસ્થિત શિક્ષણ આપેલું. સને ૧૯૨૬ થી શ્રીમતી સુખદાબહેન ફોટોગ્રાફી કરતાં હતા. ૭૦ વર્ષ અગાઉ એક ગુજરાતી ગૃહિણી ફોટોગ્રાફી કરતાં હોય એ અચરજ પમાડે એવી વાત છે. સને ૧૯૩૨માં ડૉ. વિઠ્ઠલદાસભાઈ અને પત્ની શ્રીમતી સુખદાબહેન ૬ માસ માટે ભારતભરના તીર્થોની યાત્રાએ ગયા હતા. વિવિધ તીર્થોની નયનરમ્ય તસ્વીરો લઈ આ ફોટોગ્રાફી અભિયાનની શરૂઆત થઈ હતી.

માતા-પિતાએ ડૉ. પ્રતાપભાઈને ફોટોગ્રાફીનો શોખ ગળથૂંથીમાં આપેલો. ડૉ. પ્રતાપભાઈનો જન્મ તા ૨૦-૩-૧૯૩૩ ના રોજ થયો હતો. ફોટોગ્રાફીના શોખીન એમના પિતાશ્રીએ ડૉ. પ્રતાપભાઈને ૧૦ વર્ષની નાની વયે કેમેરો ભેટ આપ્યો હતો. વ્યવસ્થિત ટ્રેનિંગ આપી. ફોટોગ્રાફી ક્ષેત્રે પણ સારું માર્ગદર્શન આપ્યું હતું. પિતાની શીખ સ્વીકારી ડૉ. પ્રતાપભાઈએ ફોટોગ્રાફી એક સાધના તરીકે અપનાવી લીધી હતી.

સને ૧૯૫૩ માં તેમના લગ્ન શ્રીમતી કુસુમબહેન સાથે થયાં. એમને બે પુત્ર શ્રી ભરત (એન્જિનિયર / બિઝનેશ મેનેજમેન્ટ) તથા દેવેન (દાંતના ડૉકટર) અને એક પુક્ષી શ્રીમતી દિપ્તીબહેન (બી. કૉમ) છે. શ્રી ભરત અને શ્રીમતી દિપ્તીબહેન અમેરિકા રહે છે. ડૉ. દેવેન વિલેપાર્લે (પશ્ચિમ) માં રહે છે અને ત્રીજી પેઢીએ પણ એ જ વ્યવસાય એટલે કે દાંતના ડૉકટર છે.

તેઓ સન ૧૯૫૮ માં નાયર હૉસ્પિટલ - મુંબઈમાંથી દાંતના ડૉકટર થયા હતા. સને ૧૯૬૦ માં કલર ફોટોગ્રાફી ભારતમાં આવી. યુવાનીમાં જ યાત્રા કરી લેવી અને દર વર્ષે ત્રણ મહીના યાત્રા પ્રવાસ કરવો. એવો નિર્ણય તેઓએ અને



એમના પત્ની કુસુમબેને લીધો હતો, પોતાની ધંધાકીય જવાબદારી સંભાળતા તથા પત્ની સાથે કૌટુંબિક જવાબદારી સંભાળતા હતા અને પ્રતાપભાઈએ યાત્રા-પ્રવાસ અને એને કેમેરામાં કંડારી લેવાનો અભિયાન કર્યું હતું. શરૂઆત અમરનાથની વિકટ યાત્રાથી કરી હતી. ફૂરસદના સમયે ઘેર બેઠાં યાત્રા પ્રવાસનો એ આનંદ ફરી બધા સાથે માણી શકાય. તે માટે ફોટોગ્રાફ પરથી સ્લાઈડ તૈયાર કરતાં હતા.

તેઓ ભારતભરના (૧) પ્રાચીન જૈન / હિન્દુ / ખ્રિસ્તી / ઈસ્લામ તીર્થોના સ્થાપત્ય (૨) જૈન / હિન્દુ તીર્થોમાં બીરાજમાન પ્રતિમાઓના આભૂષણ / આંગી / શણગાર (૩) પ્રાચીન કિલ્લાઓ (૪) રાજમહેલો તથા (૫) નૈસર્ગિક દશ્યોની સુંદર તસ્વીરો પાડી હતી. એમની પાસે જુદા જુદા ૪૯૦ વિષયો પર ૬૫,૦૦૦ સ્લાઈડ તૈયાર કરેલી હતી. ઉપરાંત ૨૨,૦૦૦ ફોટોગ્રાફ હતાં.

ડૉ. પ્રતાપભાઈને ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો, પરવાનગી મેળવીને સ્થળ પર પહોંચતા ફોટોગ્રાફી કરવા ન મળતાં પાછું ફરવું પડેલું. જે તીર્થોમાં ફોટોગ્રાફી કરવાની મનાઈ તો ઠીક પરંતુ કૅમેરા અંદર લઈ જવાની પણ મનાઈ છે, ત્યાં પણ ટ્રસ્ટીઓએ પ્રતાપભાઈને ખાસ પરવાનગી આપી તસ્વીરો પાડવા આપી હતી. સલામતીના કારસણસર સામાન્યતઃ હવે, જે આભૂષણ / આંગી / શણગાર / પ્રતિમાજીઓને ચડાવવામાં નથી આવતા તે પણ તિજોરી / સ્ટ્રોંગરૂમ ખાસ ખોલી પોલીસ બંદોબસ્ત હેઠળ એ પ્રતિમાજીઓને ચડાવી એમને ખાસ ફોટોગ્રાફી કરવા આપી હતી. એક કલાકારની આ કદર ટ્રસ્ટીઓએ કરી હતી.

● અનુસંધાન પાન-૬ પર